# ગાંધીનગરના ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમા, મુ.ગાંધીનગર

**ક્રિમિનલ પરચૂરણ અરજી નંબર –૫૮૬/૨૦૨૬**
આંક:–

**અરજદાર** :– ૧).વિષ્ણુકુમાર સ/ઓ રામઅવતાર ગુર્જર પટેલ
૨). શેરસિંગ સ/ઓ હેતરામસિંગ ગુર્જર
૩). માધવ સ/ઓ લક્ષ્મણ સિંહ ગુર્જર

**વિરૂધ્ધ**

**સામાવાળા** :– સરકાર શ્રી

**વિષય** :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ મુજબ જામીન અરજી

**અરજદાર તરફે** :– **વિ.વકીલ શ્રી એસ.કે.ત્રિપાઠી**
**સરકાર તરફે** :– **વિ. એ.પી.પી શ્રી સી.પી ત્રિવેદી**

## :: ચુકાદો ::

**(૧)** હાલની અરજી આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે સી.આઈ.ડી.ક્રાઈમ ગાંધીનગર ઝોન, પોલીસ સ્ટેશન, ગુ.રજી.નંબર ૧૧૨૦૧૦૧ ૮૨૬૦૦૧૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨) આઈ.ટી.એકટ–૬૬(સી), ૬૬(ડી) મુજબના નોધાયેલ ગુનાના કામે જામીન મુકત કરવા અરજી આપેલ છે. જેમાં ત.ક.અમલદારે બી.એન.એસ.ની કલમ–૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨) ની કલમ ઉમેરાની અરજી આપેલ છે.

**(૨)** અરજદાર આરોપી તરફે વિધવાન વકીલ શ્રી એ રજુઆત કરેલ છે કે, સદર કામના અરજદાર/આરોપીઓએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી અને તેઓ તદદન નિર્દોષ અને બેગુનાહ વિધ્યાર્થી છે તેમ જ અરજદાર/આરોપીઓ ખોટી રીતે સદર ગુનામાં સાંકળી લીધેલા છે તેમજ અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલા આક્ષેપો તદદન

ખોટા છે જેથી અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે તેમજ અરજાદર આરપી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. અરજદાર સામે કોઈ ગુનો નોંધાયેલ નથી કે અરજદાર કોઈ ગુનામાં સીધી કે આડકતરી રીતે કયારેય સંડોવાયેલા નથી તેમજ અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે કાયમી રહીશ છે જેથી પણ અરજદાર/આરોપીઓને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે તેમજ અરજદાર આરોપી ખે ખોટી રીતે સંડોવણી કરી લીધેલા છે તેમજ તેમની ઉપર કરવામાં આવેલા આક્ષેપો નામ.કોર્ટ સમક્ષ સાબિત થાય તેમ નથી તેમજ અરજદાર આરોપી તદદન નિર્દોષ અને અજાણ છે નામ.કોર્ટ જે જે શરતો ફરમાવે તેનું ચુસ્ત પણે પાલન કરશે તેમજ અરજદાર/આરોપીઓને જામીન પર મુકત કરવામાં આવે તો નામ.કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા રાજીખુશી છે તેમજ નાક.કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે અને ઈન્સાફી કાર્યવાહી દરમિયાન નામ.કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે તેમજ અરજદાર સોમનાથ ટ્રસ્ટના નામથી કોઈ ખોટી વેબસાઈટો બનાવેલ નથી કે હોટલના ફોટાઓનો કોઈ દુરુપયોગ કરીને કોઈની સાથે છેતરપીંડિ કરેલ નથી તેમજ સોમનાથ ટ્રસ્ટની હોટલોના નામનો ઉપયોગ કરીને કોઈ ખોટી ઓળખ પણ આપેલ નથી કે અગોડા નામના પ્લેટ ફોર્મ ઉપર સોમનાથ ટ્રસ્ટની હોટલનું કોઈ પણ જાતની રજિસ્ટ્રશન કરેલ નથી કે હોટલ બુકિં ગના નામે કોઈ નાણાં પણ લીધેલા નથી જેથી સદરહુ સોમનાથ ટ્રસ્ટ ખાતેની કે કોઈ પણ હોટલ અંગેની કોઈ પણ જાણકારી અરજદાર ધરાવતા નથી કે અગાઉ પણ હોટલો કે ટ્રસ્ટની માહિતીનો દુરુપયોગ કરેલો નથી જેથી અરજદારોએ પર્યટકો સાથે છેતરપિંડી કર્યાનો કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આવા પ્રકારનો કોઈ ગુનો કરેલ નથી તેમજ છતા ફરિયાદીએ તમામ અરજદારો વિરૂધ્ધ ખોટી અને ગેરકાયદેસર રીતે ઉપરોકત કલમ મુજબની ગંભીર ફરિયાદ અરજદારો ઉપર દાખલ કરવામાં આવેલ છે તેમજ અરજદાર નં.૧ અને ૩ અભ્યાસ તથા અરજદાર નં.ર નોકરી કરે છે અને તેઓને શંકા હેઠળ ખોટી રીતે શંડોવી દીધેલ છે તેમજ અરજદારને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેઓનું ભવિષ્ય જોખમાય તેમ છે તેમજ અરજદારો કુટુંબ કબિલા વાળા રાજસ્થાનના સ્થાઈ રહેવાસી છે અને કયાંય નાશી ભાગી જાય તેમ નથી તેમ જણાવી જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૩) ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીએ જણાવેલ છે કે, આરોપી દ્વારા ગંભીર ગુનો કરેલ

છે અને સદર ગુનાની સજાની જોગવાઈ જોતા તથા હાલ તપાસ ચાલુ હોય જેથી હાલના તબકકે ગુનાની ગંભીરતા જોતા આરોપીને જામીન આપવા સામે સખત વાંધો છે તેવો શેરો આંક–૧ ની અરજી તળે કરેલ છે.

૪). આમ, બન્ને પક્ષકારોની રજુઆતો, ફરીયાદની હકીકત અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ ની જોગવાઈ ધ્યાને લેતાં અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. પરંતુ આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત અને મર્યાદામાં રહીને વાપરવાની હોય છે જામીન અરજીના નિર્ણય બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત ધ્વારા વિવિધ માર્ગદર્શક ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિંધ્ધાતો લક્ષમા રાખી તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરવાથી સમાજનું હિત જોખમાય તેમ છે કે કેમ? તે તમામ બાબતોને ધ્યાને લઈ આરોપીના પર્સનલ લીર્બટીના અધિકાર અને સમાજનું હિત બંને વચ્ચે સમતુલા જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ હાલના ગુનાના કામે આરોપીને હાલના તબકકે કસ્ટડીમા રાખવા માટે કોઈ અપવાદ રૂપ કારણો છે કે કેમ? આરોપીને જામીન મુકત કરી શકાય તેમ છે કે કેમ? તે બાબતે નિર્ણય કરવા આરોપી સામેના આક્ષેપો તથા પોલીસ પેપર્સ જોતા આરોપી સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨) આઈ.ટી.એકટ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. જેમાં કલમ–૩૩૮ જેવા ગુનામાં આજીવન કેદ તથા ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે તેમજ આરોપીના ગુનાની ગંભીરતા તેમજ એ.પી.પી.શ્રી ના જણાવ્યા પ્રમાણે આરોપી ધ્વારા ગંભીર ગુનો કરેલ છે અને સદર ગુનાની સજાની જોગવાઈ જોતા તથા હાલ તપાસ ચાલુ હોય જેથી હાલના તબકકે ગુનાની ગંભીરતા જોતા આરોપીને જામીન આપવા સામે સખત વાંધો છે તેવો શેરો આંક–૧ ની અરજી તળે કરેલ છે. તેમજ બી.એન.એસ.ની કલમ–૩૩૮ જેવા ગુનામાં આજીવન કેદ તથા ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય તેમજ પ્રથમદર્શનીય આક્ષેપ હોઈ હાલ તપાસ પ્રાથમિક તબ્બકા છે તે સંજોગોમા આરોપીને જામીન મુકત કરવા માટે વિવેકબુધ્ધિની સત્તા વાપરવા વ્યાજબી કારણ જણાતુ નથી જેથી ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આખરી હુકમ ::-</u>**

આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૨/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર

**(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)**
ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર
**JUDGE CODE GJ 00973**